।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# ગાઈડન્સ

સુવર્ણસિદ્ધિ - સાધર્મિકોને
સુવાસનું સર્જન - ધાર્મિક શિક્ષકોને

અમૃતનું આચમન - શ્રીમંતોને
અનહદ અંતસ્તોષ - પત્રકારોને

વિવિધ વિષયક - સકલ શ્રીસંઘને

**પ્રિયમ્**

अहो श्रुतम्
**શા. બાબુલાલ સરેમલજી**
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
આસો (૧), વિ. ૨૦૭૬

# ❊ સુવર્ણસિદ્ધિ ❊

## *God Told - Easy Gold*

એક ઘર હતું.
લખલૂટ સંપત્તિ હતી, આનંદ-કિલ્લોલ હતું. સુખની છોળો હતી.
પણ એક દિવસ એ ઘરને
કોઈની નજર લાગી ગઈ.

**ઘરના એક છેડે લાગેલી આગ આખા ઘરને ભરખી ગઈ,**
**આખો પરિવાર ૫૦ ફૂટ દૂર ઊભો રહીને**
**લાચાર આંખે ભડકે બળતા ઘરને જોઈ રહ્યો છે.**
**લાખોની સંપત્તિ નજર સામે રાખ થઈ રહી છે.**
**પહેરેલ કપડા સિવાય કશું જ બચ્યું નથી.**

ટપોટપ આંસુ પડી રહ્યા છે.
બાળકો ભેંકડો તાણીને રડી રહ્યા છે.
બહેનોના ડુસકાઓ સંભળાઈ રહ્યા છે.
પણ પરિવારના વડીલ તદ્દન સ્વસ્થ છે.
આશ્વાસન આપવા આવનારા અચંબામાં પડી જાય છે,
અંગત મિત્ર આવે છે ને એ વડીલ ખુલાસો કરે છે.
“આ કાગળ મારા ખિસ્સામાં જ હતો.
એ છે એટલે બધું ફરી ઊભું થઈ જવાનું છે.”
મિત્રે પૂછ્યું, “શું લખ્યું છે એમાં ?”
વડીલનું મોઢું જવાબ આપતા આપતા તો
મલકાટથી ભરાઈ ગયું...

**“આમાં સુવર્ણસિદ્ધિની વિધિ છે.**
**પ્રયોગ કરું એટલી વાર... આના કરતા ય મોટું ને**
**જબરદસ્ત ઘર બની જશે.**

**હતી એના કરતા દશગણી સંપત્તિ આવી જશે.''**
**ને ખરેખર !**

એવું થઈને રહ્યું.
ખિસ્સામાં જ સુવર્ણસિદ્ધિ હોય, પછી બહારની પરિસ્થિતિ
કેવી છે એનાથી કોઈ ફરક જ પડતો નથી.
મારે તમને આ જ વાત કરવી છે.
કદાચ પૂર્વના કોઈ કર્મોદયથી આજે તમે આગના ભોગ બન્યા છો.
પણ તમારે અસ્વસ્થ થવાની કે દુઃખી થવાની
કોઈ જ જરૂર નથી.
કારણ કે તમારા ખિસ્સામાં સુવર્ણસિદ્ધિ છે.
એક જ નહીં ઘણી બધી સુવર્ણસિદ્ધિ છે.
જાણવું છે કઈ કઈ ? ધ્યાનથી વાંચો.

## (૧) સુપાત્રદાન

શાલિભદ્રની ઋદ્ધિ ને કયવન્ના શેઠના સૌભાગ્યના મૂળમાં
તેમનું સુપાત્રદાન હતું.

**જ્યારે એમની પાસે કશું જ ન હતું ત્યારે પણ**
**આ એક જ સુવર્ણસિદ્ધિથી તેઓ માલામાલ બની શક્યા**
**ને ન્યાલ થઈ શક્યા.**

આટલું જરૂર કરજો - મહાત્મા ઘરે આવે કે ન આવે,
ગોચરી વહોરવા પધારવા માટે ભાઈઓ સાધુ ભગવંતોને
અને બહેનો સાધ્વીજી ભગવંતોને
વિનંતિ અવશ્ય કરે
અને અવસર મળે ત્યારે ઉચ્ચ ભાવોથી વહોરાવે.
ખરેખર, સોનાનો વરસાદ વરસશે.

## (૨) સાધર્મિકભક્તિ

શ્રીસંભવનાથ ભગવાને પૂર્વભવમાં સાધર્મિક ભક્તિ કરી.
અને તેના દ્વારા તીર્થંકરની સર્વોત્કૃષ્ટ ઋદ્ધિ મેળવી.
તો બીજી ઋદ્ધિ ન મળવાનો તો સવાલ જ ક્યાં આવે છે ?

**एगत्थ सव्वधम्मा साहम्मियवच्छल्लं तु एगत्थ ।**
**એક બાજુ બીજા જ ધર્મો છે ને બીજી બાજુ છે**
**ફક્ત સાધર્મિકવાત્સલ્ય.**

પુણિયા શ્રાવક સાધર્મિકને જમાડવા માટે
એક દિવસ પોતે ઉપવાસ કરે ને
બીજો દિવસ એમની પત્ની ઉપવાસ કરે.
પણ રોજે રોજ સાધર્મિક ભક્તિ તો કરે જ.
આપ તો ઉપવાસ કર્યા વિના ય સાધર્મિકભક્તિ કરી શકો તેમ છો.

**કદાચ રોજ નહી તો અઠવાડિયે, પંદર દિવસે કે છેવટે મહિને**
**એક સાધર્મિકને અહોભાવથી જમાડજો.**
**આ સુવર્ણસિદ્ધિ તમને પરચો આપીને રહેશે.**

## (૩) જિનભક્તિ

પ્રભુભક્તિના સીધા જ ત્રણ ફળ છે.

**उपसर्गाः क्षयं यान्ति** – ઉપસર્ગો ક્ષય પામે છે.
**छिद्यन्ते विघ्नवल्लयः** – અંતરાયો તૂટી જાય છે.
**मनः प्रसन्नतामेति** – મન પ્રસન્ન થઈ જાય છે.
આટલું થાય.

પછી દુનિયાનું કોઈ સુખ એવું નથી જે ન મળે.
આટલું કરો - કોઈ પણ ભોગે ઘરમાં પ્રભુજી લાવો
મન મુકીને ભગવાનની ભક્તિ ચાલુ કરો.

ઉષા ભક્તિ, સંધ્યાભક્તિ, ચામરનૃત્ય,
૫-૫ કે ૧૦-૧૦ સ્તવનો સંખ્યાબંધ સ્તુતિઓ,
યથાશક્તિ આંગી, રંગોળી,
ચાર-છ-બાર મહિને શક્ય બને તો મીની મહાપૂજા-
ખરેખર, આખો માહોલ જ બદલાઈ જશે.
તમે ના પાડીને થાકી જશો, ને છપ્પર ફાડીને રૂપિયા વરસશે.

**ઘરમાં પ્રભુને લાવવા એ આશાતનાનું કારણ નથી,**
**ઘરમાં પ્રભુને ન લાવવા એ આશાતનાનું કારણ છે.**
**પ્રભુથી અળગા રહેવું ને પ્રભુભક્તિમાં મગ્ન ન થવું**
**એ આશાતનાનું કારણ છે.**
**દુનિયાના બધા દુઃખોનું મૂળ કારણ પ્રભુભક્તિનો અભાવ જ છે.**

## (૪) જીવદયા

**૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ. હરિભદ્ર સૂરિ મહારાજા**
**અષ્ટક પ્રકરણમાં કહે છે કે**
**પુણ્યાનુબંધી પુણ્યનું પહેલું કારણ જીવદયા છે.**
તમારે પુણ્યશાળી ને સુખી બનવું છે ?

તો તમારા ઘરને કરુણામંદિર બનાવો
રાત્રિભોજન, કંદમૂળ, મધ, માખણ, આઈસ્ક્રીમ, બજારુ ખાદ્યો
વગેરેની ભયાનક હિંસાઓથી તમારા ઘરને મુક્ત કરો.
અળગણ પાણી, વીજળીનો વેડફાટ, પાણીનો વેડફાટ,
ફોગટ વાહનનો ઉપયોગ
વગેરે દ્વારા થતી અસંખ્ય જીવોની હિંસાને
તિલાંજલિ આપો
જયણાપોથી જેવી બુક દ્વારા જીવદયા પાળવાના
સરળ-શક્ય ઉપાયોને સમજો.

**ચૂલા, વોશ બેસીન, બાથરૂમ, સોફા, વાહનની સીટ વગેરે પાસે**
**અલગ અલગ પૂંજણી રાખો**
**અને બધું જ પૂંજી-પ્રમાર્જીને કરવાનું ચાલું કરો**
**જીવદયા જેવી સુવર્ણસિદ્ધિ બીજી કોઈ જ નથી.**

## (૫) વિશુદ્ધ શીલવૃત્તિ

પુણ્યાનુબંધી પુણ્યનું કારણ અને લખલૂટ સંપત્તિનું કારણ
વિશુદ્ધ શીલવૃત્તિ-સદાચાર-સત્કાર્યો છે.
આંખ, હાથ અને મન હંમેશા ચોક્ખા રાખો.

જીવનમાં પેસી ગયેલી બદીઓને વાળી-ઝૂડીને કાઢી નાંખો
છાપા બંધ કરો, ડીશ એન્ટીના કાઢી નાંખો.
ફોનનો મિસ-યુઝ ન કરો.
બીજાનું મન બગાડે એવા કપડા હરગીઝ ન પહેરો.
પરસ્ત્રીમાં માતાને જુઓ, પરપુરુષમાં પિતાને જુઓ,

સમયને વેડફવાને બદલે સમયને સાર્થક કરો.
બને એટલી સામાયિક કરો, બને એટલું ધાર્મિક વાંચન કરો.
જિનવાણી શ્રવણની એક પણ તક ન છોડો.
સંઘની સેવાના દરેક અવસરને ઝડપી લો.

**निपानमिव मण्डूकाः, सरः पूर्णमिवाण्डजाः ।**
**शुभकर्माणमायान्ति, विवशाः सर्वसम्पदः ।।**

જેમ ભરેલા તળાવમાં દેડકા આવે છે અને
ભરેલા સરોવરમાં પંખીઓ આવે છે
તેમ વિશ્વની બધી જ સંપત્તિઓ વિવશ બનીને
સદાચારી-સત્કાર્ય કરનાર વ્યક્તિને મળ્યા વિના રહેતી નથી.

**હૃદયની વાત**

આ પાંચ સુવર્ણસિદ્ધિ આપના ખિસ્સામાં જ છે.

જરૂર છે એનો ઉપયોગ કરવાની
**એનાથી આપનો આલોક પણ સુધરશે, પરલોક પણ સુધરશે,**
**અને વિશ્વભરની સુખ-શાંતિ, સમૃદ્ધિને પામીને**
**આપનો આત્મા પરમ પદનો ભાગી થશે.**
આ કાગળને આપશ્રી રોજ એક વાર વાંચશો અને
તેનો અમલ કરશો એવી હાર્દિક અભ્યર્થના.

✳

## ❄ અમૃતનું આચમન ❄

## *Short & Sweet - The Life-Secret*

ઉપવનનું રમણીય વાતાવરણ છે.
એક સરસ મજાના વૃક્ષની નીચે
સદ્‌ગુરુ બિરાજમાન છે.
એમની પાસે કશું જ નથી, પણ બધું જ છે.
**ખરી મજા દોડવાની નથી,**
**ખરી મજા છોડવાની છે.**
દોડવામાં હાંફ છે, થાક છે, ચિન્તા છે, ગભરાટ છે.
અપેક્ષા છે, આવેશ છે, ઉચાટ છે.
આ બધી રામાયણ કરીને આપણા હાથમાં કાંઈ આવી પણ જાય,
તો ય ખરેખર તો આપણે કાંઈ મેળવ્યું ? કે ગુમાવ્યું ?
છોડવામાં હાશ છે, હળવાશ છે, નિશ્ચિંતતા છે, નિર્ભયતા છે,
નિસ્પૃહતા છે, શાંતિ છે, આનંદ છે.
સદ્‌ગુરુ આનું મૂર્તિમંત ઉદાહરણ છે.
**આખી દુનિયા જે સુખની બહાર શોધ કરવામાં**
**આખી જિંદગી વેડફી નાંખે છે.**

**એ સુખને ભીતરમાં જ ખોળીને**
**સદ્ગુરુ આખી જિંદગી એને માણતા રહે છે.**

એક જિજ્ઞાસુ સદ્ગુરુની શોધ કરતો કરતો
ત્યાં ઉપવનમાં આવી ચડે છે.
સદ્ગુરુ એ આત્માની ખરી સંપત્તિ છે.
સદ્ગુરુની પ્રાપ્તિ એ ખરી શ્રીમંતાઈની પ્રાપ્તિ છે.
સદ્ગુરુ વિના આત્મા ખરા અર્થમાં કંગાળ હોય છે.

**ઝાડ વિના પાન નહીં**
**સદ્ગુરુ વિના જ્ઞાન નહીં**
**જ્ઞાન વિના કલ્યાણ નહીં**

જિજ્ઞાસુ અહોભાવથી સદ્ગુરુને જોઈ રહ્યો છે.
એની આંખો... એનો ચહેરો... એનું એક એક રોમ
સદ્ગુરુ બહુમાનનું મૂર્તિમંત ચિત્ર બન્યું છે.

યાદ આવે પંચસૂત્ર -

**आयओ गुरुबहुमाणो, अवंझकारणत्तेण ।**

સદ્ગુરુ પ્રત્યેનું બહુમાન એ જ મોક્ષ છે.
કારણ કે એ મોક્ષનું અવન્ધ્ય કારણ છે.
થોડી ક્ષણો એમ જ વીતી જાય છે.
ને જિજ્ઞાસુ સદ્ગુરુને પ્રશ્ન કરે છે.
''ભગવંત ! દુર્લભ શું છે ?''
સદ્ગુરુનું સ્મિત ઓર મધુર બને છે.
ને એમના હોઠ ફરકે છે...

**''શક્તિ અને ક્ષમા બંને મળે એ દુર્લભ છે.**
**વૈભવ અને વૈરાગ્ય બંને મળે એ દુર્લભ છે.**
**ઉન્નતિ અને નમ્રતા બંને મળે એ દુર્લભ છે.**

**ધન અને દાન બંને મળે એ દુર્લભ છે.**
**લક્ષ્મી અને સરસ્વતી બંને મળે એ દુર્લભ છે.**
**સત્તા અને સમર્પણભાવ બંને મળે એ દુર્લભ છે.**

પહેલી વસ્તુ માટે દુનિયા દોડે છે.
એ કદાચ મળી પણ જાય તો ય બીજી વસ્તુ વિના
એ પહેલી વસ્તુ નિષ્ફળ જાય છે.
એટલું જ નહીં છેવટે જીવને દુઃખી-દુઃખી કરી દે છે.
ભોજન મળે, કદાચ સારામાં સારુ મળે,
પણ પાચનશક્તિ ન મળે, તો શું થાય ?
એ ભોજનથી શરીરનું પોષણ થાય કે શોષણ થાય ?
બરાબર એ જ રીતે
આધ્યાત્મિક પાચનશક્તિ વિના
ફક્ત ભૌતિક સાધનસંપત્તિ મળે
એનાથી સરવાળે આત્મા દુઃખી જ થાય છે.

**ક્ષમા એ શક્તિની પાચનશક્તિ છે.**
**વૈરાગ્ય એ વૈભવની પાચનશક્તિ છે.**
**નમ્રતા એ ઉન્નતિની પાચનશક્તિ છે.**
**દાન એ ધનની પાચનશક્તિ છે.**
**સરસ્વતી એ લક્ષ્મીની પાચનશક્તિ છે**
**સમર્પણભાવ એ સત્તાની પાચનશક્તિ છે.**

શક્તિ વગેરે પુણ્યના ઉદયથી મળતું હોય છે.
ક્ષમા વગેરે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળતું હોય છે.
પુણ્યનો ઉદય તો આત્માને અનંતવાર મળ્યો છે.
આ જીવ અનંત વાર રાજા, મહારાજા, સમ્રાટ બની ચૂક્યો છે.
પણ પુણ્યાનુબંધી પુણ્ય વિના
એ બધું જીવને નુકશાનકારક થયું.

એ બધી ભૌતિક સામગ્રી તો ગઈ જ.
જીવ છેવટે દુઃખી દુઃખી થઈ ગયો.''

જિજ્ઞાસુ મંત્રમુગ્ધ બનીને સાંભળી રહ્યો છે.
સદ્‌ગુરુના શબ્દે શબ્દે જાણે અમૃત ઝરી રહ્યું છે.
જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે.

''મને મળેલું સુખ ટકી રહેશે, એ મને આગળ પણ
સુખી જ કરશે, હું દુઃખી નહીં જ થઉં,
આવી ખાતરી મને શેના પરથી મળી શકે ?''

સદ્‌ગુરુ એ જ મધુર સ્મિત સાથે કહે છે.

**सुखं दुःखान्तमालस्यं,**
**दाक्ष्यं दुःखं सुखोद्भवम् ।**

જે સુખના અંતે દુઃખ આવવાનું હોય છે.
એમાં જીવ આળસુ થઈ જાય છે.
પોતાનો ધર્મ, પોતાનું કર્તવ્ય, પોતાનું જ્ઞાનોપાર્જન,
પોતાની દેવ-ગુરુભક્તિ, સામાયિક, પૌષધ,
શ્રીસંઘની સેવા-આ બધાનો એને ઉલ્લાસ નથી જાગતો.
ને એ પોતાના સુખ-ભોગમાં જ વ્યસ્ત થઈ જાય છે.

**જે દુઃખના અંતે સુખ આવવાનું હોય,**
**એનું લક્ષણ એ છે કે**
**એમાં જીવ આ બધી જ સત્પ્રવૃત્તિ પ્રત્યે સજાગ બને છે**

એને એમાં ઉલ્લાસ જાગે છે.
ને એમાં એ હોંશે હોંશે પરોવાઈ જાય છે.
સુખ જો સુવાડી દેતું હોય
તો એ ઝેર છે.
દુઃખ પણ જો જગાડી દેતું હોય
તો એ અમૃત છે.

**આત્મકલ્યાણમાં જાગૃતિ એ જ ખરું અમૃત છે.**
**એ જ ખરું સુખ છે.**
**આત્મકલ્યાણમાં સુષુપ્તિ એ જ ખરું ઝેર છે,**
**એ જ ખરું દુઃખ છે.''**

જિજ્ઞાસુ જાણે સુધાવર્ષામાં સ્નાન કરી રહ્યો છે.
સદ્ગુરુની કૃપા વૃષ્ટિ બની રહી છે.
ને જિજ્ઞાસુની દૃષ્ટિ ખુલી રહી છે.
જિજ્ઞાસુ છેલ્લો પ્રશ્ન કરે છે.
''મારું શું થશે ?''
સદ્ગુરુ સહજ સ્મિત સાથે કહે છે
**''તું જે કરીશ એ થશે.''**

**अप्पा कत्ता विकत्ता य सुहाण य दुहाण य ।**

**આત્મા જ પોતાના સુખોનો ય કર્તા છે.**
**ને દુઃખોનો ય કર્તા છે.**
**તારું શું કરવું એ તારા હાથની જ વાત છે.**

તું જાગી પણ શકે છે.
તું સૂઈ પણ શકે છે.
ને તે બંનેનું પરિણામ પણ મેળવી શકે છે.
સદ્ગુરુ મૌન થાય છે.
સદ્ગુરુત્વ મુખર થાય છે.

**જિજ્ઞાસુની આંખોમાંથી કૃતજ્ઞતાની ધાર વહી રહી છે.**
**ને સદ્ગુરુના ચરણો પર**
**અભિષેક થઈ રહ્યો છે.**

✷

# ❊ સુવાસનું સર્જન ❊

## *Really Fine... The Best Line*

એક હતો માળી
એણે જમીનમાં ખાસ બી વાવ્યા...
ખાતર નાંખ્યું... પાણી સિંચ્યું...
નાની નાની કૂંપણો ફૂટી... સાવ નાનકડા છોડે આકાર લીધો.
તડકો, ગરમી, થાક, ભૂખ, તરસ... કશું જ જોયા વિના
એ માળી કામ કરતો રહ્યો...

**છોડના પાંદડે પાંદડે...પાંદડાના કણે કણે**
**માળીની માવજતના બેસણા હતા.**

છોડને પાણી સિંચી સિંચીને માળીની તરસ છિપાતી હતી.
છોડમાં ખાતર નાંખી નાંખીને માળીને ઓડકાર આવતા હતા.
તડકો જરા આકરો થયો
તો માળીએ પોતે ચાર લાકડી ખોસી
પોતાના ફાળિયાનું છત્ર કરી દીધું.

**કૂતરાઓ એ છોડને નુકશાન ન કરે**
**એ માટે એ માળી કાંટાળી વાડ લઈ આવ્યો.**
**છોડને ફરતે કોર્ડન કરી દીધી.**

છોડ રોજે રોજ વધતો જાય છે.
ને એ માળી હરખાતો જાય છે.
એ ઘરની અંદર હોય ત્યારે ય એને એ છોડ
દેખાયા કરે છે
અડધી રાતે એ ઝબકીને જાગી જાય છે.
ને છોડ પાસે જઈ આવે છે.
છોડ હેમખેમ તો છે ને...

**ને એક દિવસ એનું સપનું ફળ્યું**
**છોડને કૂણી કૂણી કળીઓ આવી...**
**માળીને લાગ્યું કે એનું જીવન ખીલવા જઈ રહ્યું છે...**

કળીઓ થોડી મોટી થઈ...
ધીમે ધીમે
નવજાત શિશુના જેવું સ્મિત કરતી
એક એક કળી ખુલવા ને ખીલવા લાગી...
માળીની આંખોમાં
આનંદનૃત્ય રાસડા લઈ રહ્યું છે.
પંખીઓનો કલરવ આવનારા પુષ્પોનું
સંગીતમય સ્વાગત કરી રહ્યું છે.
માળીની માવજત આસમાનને આંબી છે.
કળીઓ એમની કળાની ચરમ સીમાને આંબી ગઈ છે

**ને એક પળે**
**આખો ય છોડ ખીલખીલાટ કરતા ફૂલોથી**
**જાણે હસી રહ્યો છે**
**આખું ય વાતાવરણ મઘમઘાયમાન થઈ રહ્યું છે.**

લોકો વિસ્મય સાથે એક એક ફૂલને જોઈ રહ્યા છે
એમની સુવાસ માણી રહ્યા છે
ને માળીની આંખમાંથી રીતસર હર્ષાશ્રુની ધાર વહી રહી છે.

* * * * * * *

શિક્ષક એટલે એક માળી.

શિક્ષક એટલે જિનશાસનની વફાદારીની વાવણી.

શિક્ષક એટલે સંસ્કારનું સિંચન.

શિક્ષક એટલે ખમીર અને ખુમારીનું ખાતર.

શિક્ષક એટલે એક એક વિદ્યાર્થીના ભીતરી મહાવીરની માવજત.

**શિક્ષક એટલે સર્વોત્કૃષ્ટ સર્જન શ્રમ.**

**શિક્ષક એટલે સ્વનું સંપૂર્ણ સમર્પણ.**

**શિક્ષક એટલે શુદ્ધ વાત્સલ્યનું શિરચ્છત્ર.**

શિક્ષક એટલે શીલ અને સદાચારનું સુરક્ષાકવચ.

શિક્ષક એટલે 'ઉછેર'નો ઉછળતો ઉમંગ.

શિક્ષક એટલે સર્જનની સ્વપ્નસૃષ્ટિ.

શિક્ષક એટલે પોતીકું પ્રતિજાગરણ.

શિક્ષક એટલે બીજથી પુષ્પ સુધીની યાત્રા.

**શિક્ષક એટલે સુગંધનો સાક્ષાત્કાર.**

**શિક્ષક એટલે વિશ્વનું વિસ્મય.**

**શિક્ષક એટલે આનંદનૃત્ય.**

શિક્ષક એટલે મહેંક મહેંક મહેંક.

શિક્ષક એટલે હર્ષાશ્રુની ધાર...

ફૂલની સંખ્યા કેટલી હતી ને ફૂલોની ઉપજ શું થઈ ?
આવા પ્રશ્નો અસલ માળીને હોતા જ નથી.
એ તો મન મુકીને માવજત કરે છે.
સર્જનને સ્વહસ્તે ઉછેરે છે.
ને એની કળીઓ... પુષ્પો અને સુવાસમાં
એને બધું જ વળતર મળી ગયું હોય એવું લાગે છે.

**આદરણીય શિક્ષક-શિક્ષિકાઓ !**
**મારા હૃદયની વાત કરું**
**તો મારી દૃષ્ટિએ દુનિયાભરના વ્યવસાય-રોજગારોમાં**
**સર્વશ્રેષ્ઠ લાઈન કોઈની હોય**
**તો એ આપની લાઈન છે.**

જેમાં સતત જિનવાણીનું પારાયણ થતું રહે,

જેમાં સતત સ્વોપકાર ને પરોપકાર થતો રહે.
જેનાથી જિનશાસન સાથે એવો જબરદસ્ત
ઋણાનુબંધ સર્જાય,
કે ભવે ભવે જિનશાસન મળતું રહે.
જેનાથી જિનશાસનનું આયુષ્ય બીજા ૬૦-૭૦ વર્ષ
વધારવામાં નિમિત્ત બની શકાય.
જેનાથી હજારો આત્માઓને કલ્યાણ-રાહ ચીંધી શકાય.

**ખરેખર**
**દેવો ને દેવેન્દ્રો પણ**
**આપના સૌભાગ્યની ઈર્ષ્યા કરતા હશે.**

અંતરના ય અંતરની લાગણી સાથે
આપને એક વિનંતિ કરું છું.
આપના એક એક વિદ્યાર્થીને એવું વાત્સલ્ય આપજો
કે એ રોજ દોડતો દોડતો પાઠશાળામાં આવ્યા વિના
રહે નહીં.

એને ફક્ત ગોખણિયું જ્ઞાન જ ન આપશો.
એને ગરિમાવંત જૈન ઈતિહાસની વાતો કરજો,
એની ચંદ્રયાત્રાની ભ્રમણાઓ ભાંગજો.
જાતિસ્મરણની તાજી ઘટનાઓથી એનામાં આત્મશ્રદ્ધા પ્રગટાવજો

**એને જંબૂસ્વામીનો વૈરાગ્ય આપજો**
**એને શાલિભદ્રનું સુપાત્રદાન આપજો**
**એને સ્થૂલિભદ્રસ્વામીનું બ્રહ્મચર્ય આપજો**
**એને સુંદરીનો સંયમપ્રેમ આપજો**
એને ધન્ના અણગારની સાધના આપજો
એને મેઘકુમારનું સમર્પણ આપજો
એને રાજીમતીનું શીલ આપજો

એને અંજનાની સહનશીલતા આપજો
એને મૃગાવતીની સરળતા આપજો
એને સુલસાનું સમ્યગ્દર્શન આપજો
એને દમયંતીની શ્રદ્ધા આપજો
**એને સીતાનું ધૈર્ય આપજો**
**એને સંપ્રતિનો શાસનરાગ આપજો**
**એને વસ્તુપાળની શાસનદાઝ આપજો**
**એને તેજપાળનું શાસનસમર્પણ આપજો**
એને અનુપમાની દેવ-ગુરુ ભક્તિ આપજો
એને પાહિણીનું સુપુત્રદાન આપજો
એને સોભાગદે-નો સ્વાધ્યાય આપજો
એને રગ રગમાં વહેતું જિનશાસન આપજો

**ભાગ્યશાળીઓ !**
**આ તમારી નોકરી નથી**
**આ તમારી પૂજા છે.**
**જિનશાસનની પૂજા**
**એક અપેક્ષાએ સર્વોત્કૃષ્ટ પ્રકારની પૂજા**
**આપ સર્વોત્કૃષ્ટ ભાવથી એને સાકાર કરશો**
**આપને સર્વોત્કૃષ્ટ ફળ મળીને રહેશે.**

મારું તો એક સ્વપ્ન એવું છે
કે આ કોન્વેન્ટ સ્કુલોમાં કાગડા ઉડતા હોય
પાઠશાળામાં એક એક છોકરાની લાખ-લાખ રૂ. ફી હોય
ને એક એક શિક્ષકનો કરોડ-કરોડ રૂ. પગાર હોય
જિનશાસનનું ખરું મૂલ્યાંકન થશે
તો આવી પરિસ્થિતિ જરૂર આવી શકશે.

આનંદની વાત એ છે
કે આપણી દૃષ્ટિમાં તો જિનશાસનનું મૂલ્યાંકન થયું જ છે ને ?
તો પછી શું ઓછું છે ?

**ચાલો,**
**પૂરા જોશથી આપણે કામે લાગીએ**
**આપણી જાતમાં, આપણા જીવનમાં અને આપણા સંપર્કના જગતમાં**
**જિનશાસનની ધજાને લહેરાવવા માટે**
**આપણે સર્વશક્તિથી પુરુષાર્થ કરીએ.**

એ માટે આપણા જીવનને ઉચ્ચતમસ્તરે લઈ જઈએ
આપણી પવિત્રતાને પરાકાષ્ઠાએ પહોંચાડી દઈએ,
પ્રાણાન્તે પણ સદાચારની રેખા ન ઓળંગીએ
વિશુદ્ધ શ્રાવક/શ્રાવિકાનો વેષ જ ધારણ કરીએ.
મોર્ડન/વેસ્ટર્ન કપડાનો સદંતર બહિષ્કાર કરીએ.

**આપણા પર ડબલ જવાબદારી છે -**
**(૧) સામે પૂરે તરીને આપણા આત્માને તારવાનો છે.**
**(૨) આપણો આશ્રય કરતા સંઘના સભ્યોને ય તારવાના છે.**

ચારે બાજુના નિમિત્તો જ્યારે તદ્દન વિપરીત છે,
પડકારોનો કોઈ પાર નથી રહ્યો
એ સમયે સોગણી તાકાત સાથે કર્તવ્યનિષ્ઠ બન્યા સિવાય
આપણી પાસે કોઈ વિકલ્પ જ નથી રહ્યો
છેલ્લી વાત,
સોમથી શનિ ભલે આપણે સવેતન ભણાવીએ,
રવિવારે સવારે એક કલાક- આપણા તરફથી આપીએ.
સરસ મજાની વાર્તાઓ, સરસ મજાના સંસ્કારો...
જિનવાણીની રસધાર
જાત જાતની સ્પર્ધાઓ... મનગમતી પરીક્ષાઓ

જાતે દાતાઓ ઊભા કરીને આપેલી પ્રભાવનાઓ
અને આકર્ષક ઈનામો...

**તમે શરૂ તો કરો,**
**ખરેખર એટલો આનંદ આવશે**
**કે તમને થશે કે તમે ઘણા મોડા છો**

જિનશાસનની જ્યોતિમાં આપ જે ઘી પૂરી રહ્યા છો
ને સંસ્કારયજ્ઞ ચલાવીને
આખા સમાજમાં સુવાસ પ્રસરાવી રહ્યા છો,
તેની અગણિત અનુમોદના.

✺

## ❄ અનહદ અંતસ્તોષ ❄

## *The Power of the Purity*

કળી ખીલીને ગુલાબ બન્યું
કાંટો વિસ્મય સાથે જોતો રહ્યો
**ગુલાબનો રંગ... રૂપ... સૌન્દર્ય...સુવાસ...**
**ખરેખર**
**બધું જ અદ્વિતીય**
**ગુલાબ ખરેખર ગુલાબ જેવું જ હતું.**
**કાંટાના અચંબાનો કોઈ પાર જ નથી.**
પણ
હજી એને કંઈક અવઢવ છે.
એ જરા ખચકાટ સાથે ગુલાબને પૂછે છે.

''તારું બીજું તો બધું જ બરાબર
પણ તું ક્યાં સુધી ?''
ખીલખીલાટ હસતા ગુલાબે જવાબ આપ્યો
''કેમ વળી ?
આજ સાંજ સુધી.''
ને કાંટાએ એક નિઃસાસો નાંખ્યો..
''ભલા માણસ, આને તે કાંઈ જિંદગી કહેવાય ?
એક દિવસમાં ઉપડી જવાનું ?''
ગુલાબનું હાસ્ય ઓર ઘેરું બન્યું.
કાંટાને લાગ્યું કે એની કંઈક ભૂલ થઈ રહી છે.
કાંટો પ્રશ્નમય દૃષ્ટિએ જોઈ રહે છે.
ગુલાબ સુવાસ વેરતું કહે છે,

**''ખરો પ્રશ્ન એ નથી**
**કે આપણે કેટલું જીવ્યા ?**
**ખરો પ્રશ્ન તો એ છે કે આપણે કેવું જીવ્યા ?**

તું કદાચ વર્ષો સુધી જીવીશ,
પણ તારા જીવનનો અર્થ શો છે ?
તું બધાને ધારદાર નજરે જોયા કરે છે.
ને જે તને અડવા જાય એને છોલી નાંખે છે.
તારો ઉપયોગ શું છે એનો તને કદી વિચાર આવ્યો ?
તે કેટલાનું કેટલું ભલું કર્યું એનો તને કદી વિચાર આવ્યો ?

**મારા ભાઈ !**
**હું ભલે સાંજે કરમાવાનો,**
**પણ હું પ્રસન્નતાથી જીવવાનો**
**ને સંતોષ સાથે જવાનો**
**હું જીવીશ ત્યાં સુધી મારી મઘમઘતી સુવાસ રહેશે**

**હું જઈશ પછી ય મારી મધુર સ્મૃતિ રહેશે.**

તું જ બોલ, તારું શું છે ? ને તારું શું રહેશે ?''

ગુલાબ મહેંકી રહ્યું છે

કાંટો ફરી અવઢવમાં ગરકાવ થઈ ગયો છે.

* * * * * * *

આદરણીય પત્રકાર-મિત્રો !

વર્તમાન યુગની સર્વોત્કૃષ્ટ શક્તિ આપને વરેલી છે

જેનું નામ છે મીડિયા

શક્તિ હંમેશા દ્વિફલા હોય છે.

તલવાર મારી પણ શકે છે ને બચાવી પણ શકે છે.

**તલવારની ધાર કેવી છે ?**

**આ પ્રશ્ન જેટલો મહત્ત્વપૂર્ણ છે**

**એનાથી અનેકગણો મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ છે**

**કે એનો શેમાં ઉપયોગ થઈ રહ્યો છે ?**

**આજે અમારા હૃદયની વેદના છે -**

**પવિત્ર ભારતીય સંસ્કૃતિને બચાવવા માટે,**

**શીલ, સદાચાર અને સંસ્કારોને બચાવવા માટે,**

વ્યસનોના કૂવામાં કૂદી પડતા કોઈના લાડલાને બચાવવા માટે,

શેતાન પાછલ મુગ્ધ થઈ ગયેલી કોઈની લાડલીને બચાવવા માટે,

નવી પેઢીની આંખમાં શરમ બચાવવા માટે,

પરસ્ત્રી માત સમાન - આ આર્યાવર્તની અસ્મિતા બચાવવા માટે,

**અહિંસા પરમો ધર્મઃ - આ સર્વ ધર્મની સુગંધને બચાવવા માટે,**

**જૈસી કરની વૈસી ભરની - આ કર્મવિજ્ઞાનની આસ્થાને બચાવવા માટે,**

**પરધન પથ્થર માનીએ - આ પ્રામાણિકતાની પરંપરાને બચાવવા માટે,**

પરોપકારાય સતાં વિભૂતયઃ - આ નીતિની ધબકતી નાડને બચાવવા માટે,

જેમના ખાતર નીચોવાઈ ગયા
એમનાથી જ તરછોડાતા મા-બાપને બચાવવા માટે,
આપઘાતો કરતા ધરતીના તાતને બચાવવા માટે,
મોટા માથાઓના ભોગ બનતા નાના માણસોને બચાવવા માટે,
મૂળ ભારતીય પરંપરાના જીવનોપયોગી શિક્ષણને બચાવવા માટે,
તૂટું તૂટું થઈ રહેલા સ્વમાન અને સૌહાર્દને બચાવવા માટે,
કડડભૂસ થઈ રહેલા ઘર અને પરિવારને બચાવવા માટે,

**ઘણું ઘણું બચાવવાની જરૂર છે**
**ને ઘણું ઘણું નજર સામે જ મારવામાં આવી રહ્યું છે.**
**આ સ્થિતિમાં અમને એકમાત્ર આપના જેવા**
**સજ્જન પત્રકારોની આશા રહી છે.**

હું તમને લાગણી સાથે પૂછું છું ?
તમારું ઈનર કોન્સિયસ તમને શું કહે છે ?
જીવનનો ખરો આનંદ
અંતરનો ઊંડો સંતોષ
શક્તિનું સાચું સાર્થક્ય
આ બધું શેમાં છે ?
I mean
મારવામાં કે બચાવવામાં ?
એક વાત કહું ?

**આપ ફક્ત એક-બે સંતાનના મા-બાપ નથી.**
**આપ એ લાખો લોકોના મા-બાપ છો.**
**જેઓ તમને ધ્યાનથી વાંચે છે ને તમારા પર વિશ્વાસ રાખે છે.**
**આપના પર ખરેખર ખૂબ મોટી જવાબદારી છે.**

જ્યારે એક પત્રકાર કંઈક એવું લખે છે,
જેના માટે એ ઈચ્છે છે

કે મારો પરિવાર આ ન વાંચે,
ત્યારે એ લાખો લોકોનો વિશ્વાસઘાત થાય છે.
જ્યારે એક પત્રકાર પોતાની દીકરી માટે
જે મર્યાદાશીલતા ઈચ્છે છે,
તે એમની લેખિનીમાં ઝળકતી નથી,
ત્યારે ખરા અર્થમાં એ પોતે જ પોતાને શરમિંદા બનાવે છે.

**મા-બાપ ફક્ત એટલું જ નથી ઈચ્છતા**
**કે સંતાનોને જે જોઈતું ને ગમતું હોય**
**એ એમને મળી જાય,**
**મા-બાપ એવું પણ ઈચ્છે છે કે એ વસ્તુ**
**સંતાનો માટે હિતકર હોય તો જ એમને મળે,**
**જોઈતું-ગમતું કરતા પણ વધુ મહત્ત્વનું છે.**
**હિતકર હોવું.**

સાચા મા-બાપ એ છે કે જે સંતાનને કડવી દવા પણ પાય,
એક તો સંતાનને ન્યુમોનિયા થઈ ગયો હોય,
ને બીજી બાજું એને ગમતો આઈસ્ક્રીમ ખવડાવ્યા કરે,
એમને મા-બાપ ન કહેવાય, પણ દુશ્મન કહેવાય.
જિંદગી બહુ નાની છે.
એમાં પણ શક્તિનો સમય સીમિત હોય છે.
આવી નાની જિંદગી ય ગમે ત્યારે પૂરી થઈ શકે છે.
એમાં કાંટો પણ બની શકાય છે.
ને ગુલાબ પણ બની શકાય છે.
એકમાં સતત હૃદય ડંખતું રહેશે,
બીજામાં છે'ક સુધી અનહદ અંતસ્તોષ હશે,
ક્યાંક વાંચી હતી આ કવિતા -
**પડખે કાંટા વાગે તો યે સ્મિત વદન પર રાખે**

**હાર બને કે રગદોળાયે કાંઈ ના મન પર લાવે.**
**રંગ, રૂપ ને પરિમલ દ્વારા ઉપવનને શણગારે**
**પુષ્પ સરિખું યૌવન મળજો એ જ તમન્ના મારે.**

પવિત્ર ભારતીય લોહી
આપની રગ રગમાં વહી રહ્યું છે
આપની શક્તિનો સદુપયોગ આ જ પવિત્રતાનો
પાવન પ્રસાર કરતો રહે
એ જ એકની એક અભ્યર્થના.

**પવિત્રતાના પ્રસાર માટેના આપના સમસ્ત પુરુષાર્થની**
**અગણિત અનુમોદના.**

✳

## ❄ દશેરાએ દશ સંદેશ ❄

(૧) રોજ ૧૦ મિનિટ સંઘની સેવા માટે ફાળવો.
(૨) રોજ ૧૦ મિનિટ સારું ધાર્મિક વાંચન કરો.
(૩) રોજ ૧૦ મિનિટ દેરાસર-ઉપાશ્રયના બાહ્ય પરિસરમાં કાજો લો.
(૪) રોજ ૧૦ મિનિટ ગાથા/સ્તવન/સજ્ઝાય ગોખવા પ્રયાસ કરો.
(૫) રોજ ૧૦ મિનિટ મૃત્યુનું ચિંતન કરો.
(૬) રોજ ૧૦ મિનિટ આત્માનું ચિંતન કરો.
(૭) રોજ ૧૦ મિનિટ વડીલોની સેવા કરો.
(૮) રોજ ૧૦ મિનિટ બાળકોને ધાર્મિક વાર્તા કહો.
(૯) રોજ ૧૦ મિનિટ ઘરમાં સમૂહ ભક્તિ-ભાવના કરો.
(૧૦) રોજ ૧૦ મિનિટ પોતાના દોષો-પાપોની આલોચના નોંધ કરો.

**આનાથી મળશે ૧૦ ફળ**
**સુખ, શાંતિ, શાતા, આરોગ્ય, સમૃદ્ધિ, સત્તા,**
**કીર્તિ, સદ્‌ગતિ, બોધિલાભ અને મુક્તિ.**

જો રોજ આ બધું કરવું શક્ય ન હોય
તો જેટલું શક્ય હોય એટલું કરો
છેવટે ક્રમશઃ રોજ એક એક વસ્તુ તો કરો જ,
જો આપણા દિવસો આની વગર
સાવ જ એમ ને એમ જઈ રહ્યા છે
તો આપણે આપણી લાઈફનો
વેસ્ટેજ કરીને ખરેખર મૂર્ખ બની રહ્યા છીએ.

✺

## ❈ *Real* દિવાળી ❈

દર વર્ષે દિવાળી આવે છે ને આપણે બસ
ગતાનુગતિક રીતે દિવાળી પૂરી કરી દઈએ છીએ,
**બોલો,**
**આ વખતે કંઈક નવું જ ને ૧૦૦ ટચના સોના જેવું**
**તદ્દન સાચું કરવું છે ?**
**જેનાથી આનંદ પણ આવે, મજા પણ આવે,**
**ને લખલૂટ પુણ્ય પણ મળે...**
**જો હા, તો આટલું જરૂર કરો.**

❖ દિવાળીના દિવસે તમારા ઘરમાં ભગવાન લાવો. એ શક્ય ન જ બને તો મંગલ મૂર્તિ કે ફોટો પધરાવો.

❖ સુંદર આંગી, શણગાર અને રંગોળીઓ હોય...

❖ દિવસમાં ૩ સંધ્યા હોય છે. ઉષા સંધ્યા, મધ્યાહ્ન સંધ્યા અને સાયં સંધ્યા. આ ત્રણે સંધ્યાએ વિશિષ્ટ પ્રભુભક્તિ થાય.

❖ જો ગુરુ ભગવંતનો યોગ હોય તો તેમની પાસે દિપાલિકાકલ્પ સંભળાય. જો યોગ ન હોય તો ઘરમાં એ ભગવાન પાસે ઘરના બધા સભ્યો બેસે, **કલ્પના કરે કે કરુણાસાગર પ્રભુ વીરના અંતિમ સમવસરણમાં આપણે બેઠા છીએ પ્રભુની ૧૬ પ્રહરની દેશના ચાલી રહી છે. એક જણ દિપાલિકાકલ્પ વાંચે બીજા બધા જ સાંભળે.**

❖ રાતે મન મુકીને પ્રભુની ભક્તિભાવના થાય, ટમટમતા દીવડાઓ ય નૃત્ય કરતા હોય ને આપણા રોમ રોમ પણ નૃત્ય કરતા હોય. મધરાતે પ્રભુનો જાપ અને દેવવંદન થાય, વહેલી સવારે ગૌતમસ્વામીનું દેવવંદન થાય.

❖ **'દિવાળી' એ 'પ્રભુ'નો દિવસ છે, 'પ્રભુમય' થઈ જવાનો દિવસ છે. પ્રભુમાં ખોવાઈ જવાનો દિવસ છે, તમે એક વાર આવું કરો તો ખરા તમે જ કહેશો કે આવી મજા તો કદી નથી આવી.**

✷

## ❄ બેસતા વર્ષનું મહામાંગલિક ❄

***ચાલો, આ વખતે કરીએ શુદ્ધ મંગળ.***

**શાસ્ત્રીય દૃષ્ટિએ જોઈએ તો**

**સ્ત્રીનું કે પુરુષનું, ઉઘાડું માથું એ અપમંગળ છે,**

ફક્ત સંયમી ભગવંતો જ આમાં અપવાદ છે.

તમે જોઈ લો -

૧૦૦ વર્ષ પહેલાના કોઈ પણ ગ્રુપ ફોટામાં
જેન્ટ્સ કે લેડીઝ, કોઈનું પણ માથું ઉઘાડું નથી.

**બારેમાસ આપણે માથું ઢાંકવું જોઈએ**
**જેથી આપણું કે આપણને જોનારનું અપમંગળ ન થાય,**

At Least
બેસતા વર્ષની મંગળ પ્રભાતે
ગુરુદેવના મુખે મહામાંગલિક સાંભળવા જઈએ
એ સમયે જ
આપણે આપણી સાથે
અપમંગળ લઈને ગયા હોઈએ
ને આપણું ય અપમંગળ થાય
ને બીજાનું ય અપમંગળ થાય.
એવું તો ન જ થવું જોઈએ.

બને તો બારે માસ, નહીં તો બેસતા વર્ષના દિવસે,
એ ય ન બને તો કમ સે કમ એ દિવસે સવારે
મહામાંગલિકનું શ્રવણ કરતા તો
આપણું માથું ઢંકેલું જ હોવું જોઈએ.

**આજથી જ વ્યવસ્થા કરી લો -**
**મુગટ, સાફો, પાઘડી, ફેંટો,**
તમને જે ફાવે એ...

**શુદ્ધ પરંપરાગત સિસ્ટમથી માથું ઢાંકવું એ મંગળ છે**
**ઉઘાડું માથું એ અપમંગળ છે.**

આ સંદેશને વિવિધ રીતે પ્રસારિત કરી સકલ
શ્રીસંઘના અપમંગળનું નિવારણ કરવા માટે નમ્ર વિનંતી.

✺

ચાલો ઉજવીએ...

# ❊ નવલી જ્ઞાનપંચમી ❊

દર વર્ષે શ્રીસંઘ એક વ્યવસ્થા કરી દે, આપણે એમાં નોટ-પેન રાખીને વાસ્કેપ મુકી વિદાય થઈ જઈએ, આમાં એવો કોઈ આત્મીય ભાવ, અહોભાવ, જ્ઞાનની વિશિષ્ટ ઉપાસના વગેરે કશું લગભગ શક્ય બનતું નથી. 'જ્ઞાન'ની આપણને અનહદ જરૂર છે. સંસારમાં કે સાધનામાં 'જ્ઞાન'નું અત્યંત મહત્ત્વ છે. ચાલો, આ વખતે એવું કંઈક કરીએ જેનાથી આપણા જ્ઞાનના બધા જ અંતરાયો તૂટી જાય, જ્ઞાનની વિશિષ્ટ ઉપાસના થાય અને આનંદ આનંદ થઈ જાય.

## *Special Tips*

❖ સંઘ દરેક ઈચ્છુકને ૩-૩ ફૂટની ખાસ જગ્યા ફાળવે.
❖ દરેક જ્ઞાનોપાસક તે જગ્યાએ પોતાના ઘરેથી ધાર્મિક પુસ્તક કે પ્રત લાવે.
❖ તે પુસ્તક-પ્રતને વિશિષ્ટ રીતે શણગારે.
❖ તેની આજુ-બાજુ સરસ ડેકોરેશન કરે.
❖ સાથે ભગવાનના ઉપદેશનું એકાદ વાક્ય સરસ રીતે લખ્યું હોય.
❖ આવા ૧૦૦/૨૦૦ જ્ઞાનોપાસકોએ કરેલી જ્ઞાનોપાસના આખા હોલનો માહોલ બદલી દે.
❖ સકળ શ્રીસંઘ દર્શન કરવા આવે.
❖ તે તે જ્ઞાન સાથે તે તે જ્ઞાનોપાસકનું નામ લખ્યું હોય તેમની સહુ અનુમોદના કરે.
❖ પાઠશાળા સ્તરે સ્પર્ધારૂપે પણ આવું આયોજન થઈ શકે
❖ વિશિષ્ટ ઈનામો તથા આશ્વાસન ઈનામો આપાય.

એક વાર આવું કરો તો ખરા,
ખરેખર ખૂબ મજા આવશે.

❋

# ❄ આશ્વિન્ પૂર્ણિમા ❄

વીશ કરોડ મુનિવરો સાથે પાંચ પાંડવ મુનિવરો
જે દિવસે સિદ્ધગિરિ પરથી
મોક્ષ પામ્યા છે
તે દિવસ છે આસો સુદ પૂનમ.
નવપદની ઓળીમાં સમ્યક્ તપની આરાધનાનો આ દિવસ
ચૌદ પૂર્વ ને અગિયાર અંગોના સ્વાધ્યાયનો તપ
માસક્ષમણ સુધીની ઉગ્ર તપસ્યાઓનો તપ
ભયંકર ઉપસર્ગોમાં પૂર્ણ સમભાવનો ય તપ
અને પરમ વિશુદ્ધ શુક્લ ધ્યાનનો પણ તપ
આવા કેટકેટલા તપોના સમન્વયસમા
એ મુનિવરો મોક્ષ પામ્યા.
આ દિવસ છે સિદ્ધગિરિની ભાવયાત્રા કરવા માટે
આ દિવસ છે સિદ્ધગિરિની પ્રતિકૃતિની વિશિષ્ટ ભક્તિ -
આંગી, શણગાર, મહાપૂજા, મીની-મહાપૂજા, રંગોળી,
દીવડા, સ્તુતિ, ખમાસમણ, ચૈત્યવંદન
વગેરે વગેરે કરવા માટે
અને પાંડવોની એ મહાસાધનાનું પારાયણ કરવા માટે.
તમે વધુ કશું ન કરી શકો
તો ય આટલું જરૂર કરજો.
બહુમાનપૂર્વક સિદ્ધગિરિનો ફોટો પધરાવજો
અને 'પાંડવચરિત્ર'નું સપરિવાર વાંચન કરજો.
ખરેખર અદ્‌ભુત છે આ ચરિત્ર
અજબ ગજબ છે એની ઘટનાઓ.
જો જો, આ
મંગળ દિવસ એમ ને એમ જતો ન રહે.

પાઠશાળા મંદ ચાલતી હોય ત્યાં અને જે સ્થાનમાં
શિક્ષક, જગ્યા, વહીવટ વગેરે શક્ય ન હોય
ત્યાં પણ શ્રેષ્ઠ પરિણામ લાવી શકે
એવી પ્રસ્તુત છે

## ❄ પાઠશાળા સ્કીમ્સ ❄

જ્યાં પાઠશાળા ચાલુ જ છે ત્યાં પણ અભ્યાસમાં વેગ લાવવા માટે આ સ્કીમ્સ ઉપયોગી છે. ધારો કે આપણે સમ્યક્ જ્ઞાનના ક્ષેત્રે જિનશાસનની નવી પેઢી આગળ આવે એ માટે ઘણું બધું કરવું છે, પણ શિક્ષક, જગ્યા, વ્યવસ્થા વગેરે શક્ય ન હોય, તો શું કરવું ?

Very Simple. અહીં બતાવી છે તે સ્કીમ્સ એક પછી એક મુકતાં જાઓ. પોતાના મમ્મી/પપ્પા પાસે, કોઈ પાઠશાળામાં/પ્રાઈવેટ ટ્યુશનથી/ મહાત્મા દ્વારા કે અન્ય સ્રોતો દ્વારા બાળક ભણી લેશે.

શરત એટલી જ કે તમારું પ્રાઈઝ એને ટોટલી સરપ્રાઈઝ કરી દે તેવું હોવું જોઈએ. તમારે ફક્ત સંઘ વિસ્તારના દરેક દેરાસરે આ સ્કીમનું બોર્ડ/બેનર મુકવાનું છે, ને છેલ્લે સૂત્રો-અર્થો લઈને પ્રાઈઝ આપવાનું છે.

આટલું ન કરવાને કારણે યા પાઠશાળાઓ ચાલતી જ નથી, યા મજાક જેવી ચાલે છે, યા સંખ્યા જ નથી, સંખ્યા છે તો રિઝલ્ટ પર ક્વેશ્ચનમાર્ક છે. આપણે જેને શોર્ટ ટાઈમમાં 'જ્ઞાની' બનાવી શકીએ એ બાળક વંદિત્તામાં ગોથા ખાઈને છેવટે પાઠશાળા છોડી દે છે.

શ્રીસંઘ કે સંસ્થા કે વ્યક્તિગત શ્રાવક - જેને પણ શાસન પ્રત્યે લાગણી હોય, તેણે વહેલામાં વહેલી તકે આ સ્કીમ્સ લાગુ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

## સ્કીમ – ૧

## બે પ્રતિક્રમણ in 1 Month

બે પ્રતિક્રમણની લગભગ ૨૦૦ ગાથા થાય છે. તેજસ્વી બાળક દિવસમાં ૧૦૦ ગાથા કરી શકે છે. એવરેજ બાળક ૨૫ ગાથા કરી શકે છે. આપણા ટાર્ગેટ વગરના શિક્ષણથી મોટા ભાગના બાળકો એમની ટોટલ પાઠશાળા લાઈફમાં ય બે પ્રતિક્રમણ પૂરા કરી શકતા નથી. ચાલો, હવે સ્કીમ મુકો ને ચમત્કાર જુઓ. Age Limit : ૨૦ વર્ષ સુધી.

૧૦ વર્ષથી નાના બાળકો - ફક્ત સૂત્રો ચાલશે

૧૫ વર્ષથી મોટા બાળકો - સૂત્રો + અર્થ જોઈશે.

**Prize :** મેડલ/ટ્રોફી/શિલ્ડ/ગિફ્ટ & જિનિયસ સર્ટિફિકેટ

## સ્કીમ – ૨

## પંચ પ્રતિક્રમણ in 50 Days

પંચ પ્રતિક્રમણમાં બે પ્રતિક્રમણ ઉપરાંત ૨૫૦ આસપાસ ગાથાઓ થાય છે. ઉપરોક્ત રીતે તેટલી ગાથા માટે ૫૦ દિવસ વધારે છે.

સ્કીમ અને પ્રાઈઝ ઉપર મુજબ. Age Limit : ૨૦ વર્ષ સુધી.

બંને સ્કીમમાં છેલ્લે બધી જ ગાથા (+ અર્થ) સંભળાવવાના રહેશે, પછી જ પ્રાઈઝ મળશે.

## સ્કીમ – ૩

## જીવવિચાર in 10 Days

ઘણા મહાત્માઓ ૭ દિવસની અંદર જીવવિચાર ભણાવી દેતા હોય છે. મૂળ ગાથા મરજિયાત, પદાર્થ ફરજિયાત આ રીતે આ સ્કીમ રાખી શકાય. છેલ્લે પરીક્ષા રખાય. Age Limit : ૨૫ વર્ષ સુધી.

(હકીકતમાં કોઈ પણ સ્કીમમાં કોઈ પણ ઉંમરની વ્યક્તિ જોડાઈ શકે, પણ ઈનામની મર્યાદા રહે તથા ઈનામની જરૂર બાળકને હોય, માટે ઈનામની દૃષ્ટિએ એ જ આ Age-limit સમજી શકાય.)

| **સ્કીમ – ૪** | **સ્કીમ – ૫** |
|---|---|
| **નવતત્ત્વ in 10 Days** | **વૈરાગ્યશતક in 10 Days** |
| સ્કીમ-૩ મુજબ સમજી શકાય. | સ્કીમ-૩ મુજબ સમજી શકાય. |

## ❄ જ્વલંત સફળતા ❄

**બાળક સરપ્રાઈઝ થઈ જાય એવું પ્રાઈઝ આપો**
**તમે સરપ્રાઈઝ થઈ જશો એવું બાળક રિઝલ્ટ આપશે.**

Sure.

પાઠશાળામાં ૫ વર્ષમાં પણ જે નથી થતું
તે ફક્ત ૩-૪ મહિનામાં થઈ શકશે.
એ પણ એકદમ પાક્કું.

અહીં પ્રસ્તુત છે ૫ સ્કીમ્સ. કુલ સમય - ૩ મહિના ૨૦ દિવસ.

તમે ફક્ત સ્કીમ ગોઠવી દો
ક્યાંથી કેવી રીતે કોની પાસે ભણવું
એ બધું જ બાળકો/વાલીઓ ગોઠવી દેશે.

**આ છે *Min. Effort.***
***Max. Result.***

જે ઉંમરમાં બાળક આવી ને ભણી શકે છે
પ્રાઈઝની ભાષા સમજી શકે છે
શ્રેષ્ઠ પરિણામ લાવી શકે છે
એ બધો જ સમય આપણે લગભગ વેડફી નાંખીએ છીએ.
પછી એ બાળક પ્રાયઃ જીવનભર વંચિત બની જાય છે.
સંઘ-શાસનની પરંપરા તૂટે છે ને આપણે ય
આ રીતે ઉપેક્ષા-દોષના ભાગી બનીએ છીએ.
ચાલો, હવે આપણી ભૂલ સુધારીએ.

## *Sorry, But* **SHAME**

# શું તમારા સંઘની કે
# પ્રાઈવેટ પાઠશાળા હજી બંધ છે ?

આપણા નોકરી-ધંધા આપણે ચાલુ કરી દીધા.
ખાવા-પીવાનું તો આપણે બંધ કર્યું જ ન હતું.
સ્કુલ-કોલેજવાળા વેકેશન ખુલે ચાલુ થઈ ગયા.
એમણે એમના વિકલ્પો કાઢી લીધા.

**જે સંઘના ભવિષ્યનું નિર્માણ છે**
**જે જિનશાસનની જીવાદોરી છે,**
**એ પાઠશાળાને સાવ જ તાળા લાગી ગયા હોય,**
**એ જોઈને આપણું લોહી ઉકળી ન જાય ?**
**આ શી રીતે ચાલી શકે ?**

એક તો નહીંતરે ઓછા છોકરા આવતા હોય.
ને એમાં આવી અમર્યાદિત મુદતની રજા પાડો,
તો પછી તમને શું લાગે છે ?

**આ લિન્ક ક્યારે જોડાશે ? જોડાશે કે જોડાશે જ નહીં ?**
**આ દોષ કોના માથે ?**
**સાચું કહું ?**

અત્યારે નાના-મોટા બધાને સમયની અનુકૂળતા છે.
અત્યારે તો રોજની ૧૦-૧૦ કે ૨૦-૨૦ ગાથા કરાવી શકાય એમ છે.
એમાં આપણે સાવ રજા પાડી દઈશું ?

**જે કરવું હોય એ કરો, પાઠશાળા ચાલુ કરો.**
**ઓલ-રેડી ઘણું મોડું થઈ ગયું છે**

કેટલાંક સમજુ સંઘોએ ગેધરિંગ ન થાય એ રીતે ગોઠવ્યું છે,
તો શું આપણે ન ગોઠવી શકીએ ?